નવી બાબત: વર્ષ ૨૦૧૫-૧૬
આદિજાતિના યુવક યુવતીઓને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૦૨૦૧૪/ન.બા.૧૯/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૪/૨૦૧૫

**વંચાણે લીધા :-**

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી, ગાંધીનગરનો તા.૨૯/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક: વીકેવાય/૨૦૧૪/૧૯૫૬/ડી-સેગ.

**આમુખ :-**

રાજ્યના આદિજાતિ સમાજના સશક્તિકરણ માટે, તેમની ક્ષમતાની વૃદ્ધિ માટે અને તેમના થકી વિકાસના નવા અવસરોનો વધુમાં વધુ લાભ આદિજાતિ વિસ્તારના યુવક/યુવતીઓને મળે તે માટે વ્યુહાત્મક રીતે અને નીતીગત રીતે નવા વ્યુહ સાથે આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે ગુણાત્મક સુધારા અને પરિણામલક્ષી યોજનાના અમલીકરણના ભાગરૂપે ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્ય વર્ધક તાલીમ યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે.

આદિજાતિ વિસ્તારમાં યુવક/યુવતીઓ પોતાની નબળી આર્થિક સ્થિતિને લીધે ઉચ્ચ અભ્યાસક્રમ પ્રાપ્ત કરી શકતા નથી તે માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત કૌશલ્યવર્ધક તાલીમ યોજના હેઠળ તેઓને સહાય આપવી જરૂરી બને છે.

આ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના યુવક/યુવતીઓને પ્લાસ્ટીક એન્જિનિયરીંગ અને વિવિધ એન્જિનિયરીંગ ક્ષેત્ર અંગેની ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોજગારલક્ષી તાલીમ આપીને તેઓને પગભર કરવાનો આ યોજનાનો હેતુ છે.

D - SAG
Inward No. 1938
Date 13/5/15

C:\Users\Administrator\Desktop\G.R.2015-16\TAP-102014-N.B.19-GH.docx

Scanned by CamScanner

ભારત સરકારના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળની પ્લાસ્ટિક એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (CIPET) સંસ્થા, અમદાવાદ દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓ માટે તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવે છે અને મોટાભાગના વિદ્યાર્થીઓ દેશ - વિદેશમાં પણ રોજગારી મેળવે છે.

થિયરી સાથે દરેક વિદ્યાર્થીને વ્યવહારુ જ્ઞાન મળે તે માટે તાલીમ દરમિયાન સંબંધિત એન્જિનિયરિંગ મશીન ચલાવવા માટેની પરવાનગી આપવામાં આવે છે. તાલીમ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કર્યા પછી તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ સાથે સંબંધિત પ્લાસ્ટિક એન્જિનિયરિંગ ઉદ્યોગમાં પ્રત્યક્ષ તાલીમ આપવામા આવશે. આ કાર્યક્રમોને ઉદ્યોગો તરફથી પણ સારો પ્રતિભાવ મળી રહ્યો છે.

- **યોજના અંતર્ગત સમાવિષ્ટ કોર્ષ:-**

(1) Siemens NX CAD/CAM with Mold Design & Development
(2) Computer Based Interactive Training on Injection Molding Techniques.
(3) Programming & Operation of CNC Lathe Machine
(4) Programming & Operation of CNC Milling Machine
(5) Programming & Operation of CNC EDM Machine
(6) Programming & Operation of CNC Wire-Cut Machine
(7) Post Graduate Diploma in Tool Design & CAD CAM (PGTDCC)
(8) Post Graduate Diploma in Tool Design & CAD CAM (PDCC)
(9) Post Diploma CNC Machine Maintenance (PDCMM)
(10) Post Diploma in CAD CAM (PDCC)
(11) Post Diploma Computer Aided Engineering (PDCAE)
(12) Certificate Course in Tool Technology
(13) Certificate in CAM & CNC Technology (Master of CNC TECH.)
(14) CNC Machinist (CNC Operator )

ઉપર જણાવેલ કૌશલ્ય વર્ધક તાલીમ કાર્યક્રમો તથા કોર્ષ માટે જરૂરી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ ડિગ્રી /ડિપ્લોમા ધારક અથવા આઈ .ટી.આઈ.પાસ કર્યાની સાથે કામના અનુભવ ધરાવતા વિદ્યાર્થીઓને તાલીમથી ચોક્કસપણે રોજગારી મેળવવામાં ફાયદો થશે. અને અનુસૂચિત જનજાતિના યુવાનોને અન્ય સામાન્ય વ્યવસાય કરતાં વધુ પગાર મળશે.

ભારત ઇન્ડો જર્મન ટૂલ રૂમની ભારત સરકારના MSME વિષયક મંત્રાલય અંતર્ગત સ્થાપના કરવામાં આવેલ છે. IGTR દ્વારા ગુજરાત આદિવાસી ઉમેદવારોને ફાઉન્ડેશન સાથે CNC મશિનિષ્ટ રોજગાર લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ આપવામાં આવે છે.



Scanned by CamScanner

સીપેટ - અમદાવાદ પ્લાસ્ટિક ઇજનેરી, પ્લાસ્ટિક મોલ્ડ વિકાસ, CNC મશીન & CAD / CAM ટેકનોલોજી ક્ષેત્રે કૌશલ્ય વિકાસ કાર્યક્રમ / આઈપીઓ તાલીમ આપવામા આવે છે. આ કાર્યક્રમો અને કોર્ષ ત્રણ અને છ મહિનામાં હોય છે.

**ઠરાવ** :-

આદિજાતિના યુવક યુવતીઓને સુચવ્યા મુજબની ગુણવતાયુકત તાલીમ આપવા બાબતની રૂ.૧૦૦.૦૦ લાખની વર્ષ ૨૦૧૫-૧૬નાં અંદાજપત્રમાં નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક: (૧)થી કરવામાં આવેલ છે. જેને પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે;

**શરતો** :-

- **યોજનાના લાભાર્થીઓની પસંદગી:-**

  આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના યુવક/યુવતિ લાભાર્થીઓની પસંદગી કરવાની રહે છે. આ પસંદગીમાં નીચેની બાબતો ધ્યાને રાખવાંની રહેશે :

  (૧) આ યોજનાનો લાભ આદિજાતિ લાભાર્થીઓને જ મળવાપાત્ર રહેશે.

  (૨) આ યોજના અંતર્ગત આદિજાતિ તેમજ બીપીએલ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે.

  (૩) આદિમજૂથના લોકોને પસંદગીમાં પ્રાથમિકતા આપવાની રહેશે.

  (૪) લાભાર્થી ઓછામાં ઓછુ ધોરણ ૧૦ પાસ / આઇટીઆઇ પાસ / ડીપ્લોમા / ડીગ્રી વગેરે જરૂરી લાયકાત ધરાવતા હોવા જોઇએ.

- **યોજનાનું મોનીટરીંગ:-**

  સંબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદાર કચેરી દ્વારા યોજનાનું અમલીકરણ તેમજ મોનીટરીંગ કરવાનું રહેશે.

- **યોજના અંતર્ગત તાલીમ આપનાર સંસ્થા:-**

  (૧) ભારત સરકારની કેમીકલ્સ એન્ડ પેટ્રોકેમીકલ્સ વિભાગ હેઠળ પ્લાસ્ટીક એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (સીપેટ) સેન્ટ્રલ સંસ્થા, પ્લોટ નં. ૬૩૦, ફેઝ-૪, જીઆઇડીસી વટવા, અમદાવાદ.



Scanned by CamScanner

(૨) ઇન્ડો જર્મન ટુલ રૂમ(IGTR), પ્લોટ નં. ૫૦૦૩, ફેઝ-૪, જીઆઇડીસી વટવા, અમદાવાદ.

તદઉપરાંત નીચે મુજબની શરતોનો પણ અમલ કરવાનો રહેશે :

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો./ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ નાં ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) મંજુર થયેલા અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) IT સબંધિત બાબતો અંગે રાજ્ય સરકારની સાયન્સ ટેકનોલોજી વિભાગના વખતો વખતના ઠરાવોની જોગવાઇનું પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૬૨ વીકેવાય – ૩૧૬ સંકલિત ડેરી/વાડી વિકાસ પ્રોજેકટ, કૌશલ્ય તાલીમ કાર્યક્રમ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.



Scanned by CamScanner

૪૩૧૮

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

C:\Users\Administrator\Desktop\G.R.2015-16\TAP-102014-N.B.19-GH.docx

Scanned by CamScanner